અપીલ અરજી નં.૨૩૮ તા.૩–૧૧–૦૯ /૧૦

અરજદારઃ શ્રી જગત નારાયણ શર્મા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગત નારાયણ શર્માની તા.૨–૯–૦૯ ની અરજીથી (૧) તા.૨૫/૨૬/૨૭/ ૮–૦૯ ના રોજ આપના વિભાગે સાઉથઝોન(ઉધના) ના વિસ્તારમાં કુલ કેટલા ગેરકાયદેસર કનેકશનો કેટલા કેટલા ઈંચના હતાં તેની માહિતી (૨) આપના વિભાગે ૧/૨",૧",૧ ૧/૨" તથા બે ઈંચના ગેરકાયદેસરના કનેકશનો પૈકી કનેકશન દીઠ કેટલી પેનલ્ટી વસુલ કરવાની જોગવાઈ છે. તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૩૮/૨૦૦૯–૧૦

શ્રી જગત નારાયણ શર્માની તા.૨–૯–૦૯ ની અરજીથી (૧) તા.૨૫/૨૬/૨૭/ ૮–૦૯ ના રોજ આપના વિભાગે સાઉથઝોન(ઉધના) ના વિસ્તારમાં કુલ કેટલા ગેરકાયદેસર કનેકશનો કેટલા કેટલા ઈંચના હતાં તેની માહિતી (૨) આપના વિભાગે ૧/૨",૧",૧ ૧/૨" તથા બે ઈંચના ગેરકાયદેસરના કનેકશનો પૈકી કનેકશન દીઠ કેટલી પેનલ્ટી વસુલ કરવાની જોગવાઈ છે. તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૧–૦૯ ના રોજ સહી કર્યા વિનાની અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૮૫૯ તા.૭–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને ગેરકાયદેસર પાણી કનેકશન માહિતી અપીલ અરજી સહી વિનાની છે જેથી સહીવાળી નકલ મોકલી આપવા અથવા અત્રેની ઓફિસે આવી સહી કરી જવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.૪૮૧૬ તા.૧૭–૧૧–૦૯ થી પૂરક માહિતીમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદરને આપેલ માહિતી પત્ર સા.ઝોન/ટેક/૩૮૮૧ તા. ૨૪–૯–૦૯ના પત્રની નકલ અત્રેના વિભાગને પુરી પાડેલ છે. જયારે અરજદારે કોઈ પુરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડેલ નથી. તેમજ અપીલ અરજીની સહી વાળી નકલ મોકલી નથી.

અરજદારે તા.૨–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૨૫/૨૬/૨૭/ ૮–૦૯ ના રોજ આપના વિભાગે સાઉથઝોન(ઉધના) ના વિસ્તારમાં કુલ કેટલા ગેરકાયદેસર કનેકશનો કેટલા કેટલા ઈંચના હતાં તેવી માહિતી માંગવામાં આવેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૫–૮–૦૯ થી તા.૨૭–૮–૦૯ ના રોજ સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં કુલ–૬૫ પાણીના ગેરકાયદેસર કનેકશન કાપવામાં આવેલ. કાપવામાં આવેલ કનેકશન અનુક્રમે ૧/૨", ૧ .૦" તથા ૨–૦" વ્યાસના હતા. મુદ્દા નં.૨ આપના વિભાગે ૧/૨,૧,૧ ૧/૨ તથા બે ઈંચના ગેરકાયદેસરના કનેકશનો પૈકી નેકશન દીઠ કેટલી પેનલ્ટી વસુલ કરવાની જોગવાઈ છે. તેવી માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ૧/૨" કનેકશનનાં રૂા.૨૫૦૦/–, ૧.૦" કનેકશનનાં રૂા.૧૦,૦૦૦/– તથા ૨.૦" વ્યાસના કનેકશનનાં રૂા.૪૦,૦૦૦/– કનેકશન દીઠ પેનલ્ટીની જોગવાઈ છે. તેવી માહિતી અરજદારને પુરી પાડેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૩–૧૧–૦૯ થી માંગેલ માહિતી તેમજ કોઈપણ નિર્ણય મળેલ નથી. એમ જણાવી અપીલ અરજી કરેલ છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૮૮૧ તા.૨૪–૯–૦૯ થી પુરી પાડેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી એ રવાના કરેલ માહિતી પત્રોની નકલ અરજદારને મળેલ ન હોય તો દિન–૭ માં કચેરી સમયમાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તેની નકલ મેળવી શકે છે. અરજદાર ધ્વારા સંપર્ક કર્યેથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૮૮૧ તા.૨૪–૯–૦૯ના પત્રની નકલ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૯.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જગત નારાયણ શર્મા